પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૪૦ | ૧૨ નવેમ્બર, ૨૦૧૯, મંગળવાર; કારતક સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# મહારાષ્ટ્રમાં બદલાતા રાજકીય રમતના રંગ

મુંબઈ, તા. ૧૧ મહારાષ્ટ્રમાં નવી સરકારને લઈને સસ્પેન્સ વધુ ઘેરુ બની ગયું છે. શિવસેનાના નેતા આદિત્ય ઠાકરેના નેતૃત્વમાં શિવસેનાના સભ્યો આજે સાંજે રાજ્યપાલ ભગતસિંહ કોશિયારીને મળ્યા હતા પરંતુ સરકાર બનાવવાનો દાવો કરી શક્યા ન હતા. શિવસેનાએ મહારાષ્ટ્રમાં સરકાર બનાવવાની ઈચ્છા ચોક્કસપણે કરી હતી. શિવસેનાએ બે દિવસનો સમય માંગ્યો હતો પરંતુ રાજ્યપાલે બે દિવસનો સમય આપવાનો ઈન્કાર કરી દીધો છે. આવી સ્થિતિમાં રાજકીય સંકટની સ્થિતિ અકબંધ રહી છે. બીજી બાજુ કોંગ્રેસ અને એનસીપીની બેઠકોનો દોર જારી રહ્યો હતો. રાજ્યમાં ચૂંટણીમાં ત્રીજી સૌથી મોટી પાર્ટી તરીકે હોવાથી એનસીપીને રાજ્યપાલે આમંત્રણ આપ્યું હતું. ૨૪ કલાકનો સમય હવે એનસીપીને આપવામાં આવ્યો છે તેના માટે પણ સરકારની રચના કરવાની બાબત સરળ દેખાઈ રહી નથી. બેઠકોનો દોર આજે પણ જારી રહ્યો હતો. કોંગ્રેસની ભૂમિકા હવે સૌથી નિર્ણાયક બની શકે છે. મહારાષ્ટ્રની વિધાનસભાની ચૂંટણીના પરિણામ આવ્યા બાદ કોઈપણ પાર્ટીને બહુમત ન મળતા જટિલ સ્થિતિ સર્જાઈ ગઈ છે. ભારતીય જનતા પાર્ટી સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી હોવા છતાં સરકાર બનાવી શકી નથી. ભાજપ અને શિવસેના સાથે મળીને વિધાનસભાની ચૂંટણીમાં ઉતર્યા હતા અને આ ગઠબંધનને મતદારોએ બહુમતિ પણ આપી હતી પરંતુ મુખ્યમંત્રીના મુદા પર ખેંચતાણ વચ્ચે બંને પાર્ટીઓ

- શિવસેનાને ૪૮ કલાકનો સમય આપવા રાજ્યપાલનો ઈન્કાર
- શિવસેનાને હજુ સરકાર બનાવવાની આશા
- એનસીપીને રાજ્યપાલે ૨૪ કલાકનો સમય આપ્યો
- કોંગ્રેસની તાકિદની કોરગૃપની બેઠક
- આજે કોંગ્રેસ-એનસીપીના નેતાઓ મુંબઈમાં આખરી નિર્ણય લેશે



- શિવસેના બાદ એનસીપીને રાજ્યપાલ દ્વારા આમંત્રણ
- કોંગી સભ્યો શિવસેનાને સાથ આપવાનેમામલે અસમંજસમાં
- શરદ પવાર સાથે સોનીયા ગાંધી અને ઉદ્ધવ ઠાકરેની સતત વાતચીત
- ભાજપની વ્યૂહાત્મક ચુપકીદી
- રાષ્ટ્રપતિ શાસનના ભણકારા

● અનુસંધાન પાન-૫ પર

## નાણાં અંગે સ્થાયી સમિતિમાં મનમોહનસિંહની વરણી કરાઈ

નવીદિલ્હી, તા. ૧૧ રાજ્યસભાના ચેરમેન વેંકૈયા નાયડુ દ્વારા



કોંગ્રેસ પાર્ટીના દિગ્વિજયસિંહની જગ્યાએ ફાઈનાન્સ પર સંસદીય સ્થાયી કમિટિમાં પૂર્વ વડાપ્રધાન અને કોંગ્રેસના વરિષ્ઠ મનમોહનસિંહની પસંદગી કરી લીધી છે.

રાજ્યસભાના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, દિગ્વિજયસિંહની હવે ઉપલા ગૃહના ચેરમેન દ્વારા અર્બન ડેવલપમેન્ટ અંગેની સંસદીય સ્થાયી કમિટિમાં પસંદગી કરવામાં આવી ચુકી છે. રાજ્યસભાના ચેરમેન દ્વારા મનમોહનસિંહની પસંદગી કરવામાં આવી છે. દિગ્વિજયસિંહની જગ્યાએ તેમની પસંદગી થઈ છે. બીજી બાજુ દિગ્વિજયસિંહની પસંદગી શહેરી વિકાસ અંગેની કમિટિના સભ્ય તરીકે કરી દીધી છે.

## ઈ-ઈનવોઈસ ૨૦૨૦થી લાગુ થશે

**વેપારીઓને શ્રેણીબદ્ધ લાભ : વેપારીઓને ટેક્સ રિટર્ન ફાઇલ કરવામાં સરળતા રહેશે : ઇ-ઇનવોઇસ વ્યવસ્થા લાગૂ થયા બાદ વેબસાઇટ ઉપર જઇને નાના કારોબારી રિટર્ન ફાઇલ કરી શકશે : ટેક્સ અધિકારીઓ અને કર્મીના કામ સરળ બનશે**

મુંબઈ, તા. ૧૧ જીએસટી વ્યવસ્થાને અમલી કરવામાં આવ્યા બાદ બે વર્ષ પછી સરકાર ટેક્સ ચોરીને રોકવા માટે ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. આ સંદર્ભમાં જાન્યુઆરી ૨૦૨૦ ઈલેક્ટ્રોનિક ઈવોઈસને લાગૂ કરવામાં આવી શકે છે. જીએસટી કાઉન્સિલની ગોવામાં આયોજિત ૩૭મી બેઠકમાં ઈ-ઈનવોઈસ માટે સ્ટાન્ડર્ડ વ્યવસ્થા લાગૂ કરવાના પ્રસ્તાવને મંજુરી આપી દેવામાં આવી છે. હાલમાં આને લઈને કોઈ વિશેષ નિયમો અથવા તો સ્ટાન્ડર્ડ નક્કી કરવામાં આવ્યા નથી જેના લીધે અલગ અલગ સોફ્ટવેર પોતાનારીતે ઈનવોઈસ તૈયાર કરે છે. સ્ટાન્ડર્ડ ઈ-ઈનવોઈસની મદદથી ટેક્સ ચોરી પર અંકુશ મુકવામાં આવી શકે છે. જીએસટીએમ તરફથી આને લઈને કહેવામાં આવ્યું છે કે, નવા સિસ્ટમથી કરદાતાઓને કોઈપણ પ્રકારની તકલીફ થશે નહીં. વેપારી પોતાના તમામ કામ એવી જ રીતે કરતા રહેશે જેમ અગાઉ પણ કરતા હતા પરંતુ સ્ટાન્ડર્ડ સોફ્ટવેરની મદદથી ડેટા શેરિંગની પ્રક્રિયા શરળ થઈ જશે. જીએસટીએન તરફથી કહેવામાં આવ્યું છે કે, તે નાના કરદાતાઓને મફતમાં એકાઉન્ટિંગ અને બિલિંગ સોફ્ટવેર આપશે જેનાથી આવનાર દિવસોમાં જીએસટી ઈકો સિસ્ટમ પૂર્ણરીતે ઓનલાઈન થઈ જશે. દરેક ઈલેક્ટ્રોનિક ઈનવોઈસ પર એક ખાસ નંબર આપવામાં આવશે. મોડેથી તેને સેલ્સ રિટર્નમાં દર્શાવવામાં આવેલા ઈનવોઈસથી કરવામાં આવશે. જીએસટીએમ આ વિકલ્પ પર વિચારણા કરી રહી છે કે, ઈલેક્ટ્રોનિક ઈનવોઈસ કાઢી નાંખવાની ફરજિયાત બાબતને મૂલ્યની દ્રષ્ટિથી નહીં બલ્કે ટર્નઓવરની મર્યાદાના આધાર નક્કી કરવાની જરૂર છે.

● અનુસંધાન પાન-૫ પર

R K VACATIONS PVT. LTD.

ગોવા 3N- 4D ₹13999

થાઈલેન્ડ 5N- 6D ₹27999

દુબઈ 5N- 6D ₹59999

સિંગાપોર મલેશિયા થાઈલેન્ડ 7N- 8D ₹74999

એર ટીકીટ,હોટલ સ્ટે, બ્રેકફાસ્ટ, ડિનર, એરપોર્ટ ટ્રાન્સફર, સાઈટ સીઈંગ

+91 79 61 61 35 35
+91 79 40 40 35 35

## જેએનયુમાં ફી વધારા મામલે ઘર્ષણ

નવીદિલ્હી, તા. ૧૧ ફીમા વધારા સહિત અનેક જુદાજુદા મુદ્દાઓને લઈને છેલ્લા કેટલાક દિવસથી પ્રદર્શન કરી રહેલા જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ હવે દિલ્હીના માર્ગો ઉપર ઉતરી આવીને હોબાળો મચાવ્યો છે જેના પરિણામ સ્વરુપે પોલીસ સાથે વિદ્યાર્થીઓની જોરદાર ઝપાઝપી પણ થઈ છે. એકબાજુ યુનિવર્સિટીના હજારો વિદ્યાર્થીઓ પ્રદર્શન કરી રહ્યા છે. આ પ્રદર્શનમાં એબીવીપી આઈસા, એઆઈએસએફ અને એસએફઆઈ સહિત અનેક વિદ્યાર્થી સંગઠનો આમા ભાગ લઈ રહ્યા છે. દેખાવ કરી રહેલા વિદ્યાર્થીઓ અને પોલીસ વચ્ચે જોરદાર અથડામણ થઈ હતી. ઝપાઝપી પણ થઈ હોવાનું જાણવા મળ્યું છે. ઘણી જગ્યા પર સ્થિતિ એટલી હદ સુધી બગડી ગઈ હતી કે, પોલીસને વિદ્યાર્થીઓને કાબૂમાં લેવા માટે પાણીનો મારો ચલાવવાની ફરજ પડી હતી. વિદ્યાર્થીઓ યુનિવર્સિટી સંકુલથી દિક્ષાંત સમારોહ સુધી માર્ચ કરવા




માટે ઈચ્છુક હતા પરંતુ પોલીસે કાર્યક્રમ સ્થળ પર પહોંચતા પહેલા જ રોકી દીધા હતા. પોલીસે બેરિકેડ લગાવીને વિદ્યાર્થીઓને રોકી દીધા હતા. આશરે ૧૨ વાગ્યા બાદ પોલીસની વધારાની ટુકડી ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. સમગ્ર વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરી દેવામાં આવી હતી. અખિલ ભારતીય ટેકનિકલ શિક્ષણ પરિષદમાં થનાર જેએનયુના દિક્ષાંત કાર્યક્રમમાં ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુ અને શિક્ષણમંત્રી રમેશ પોખરિયાલ પણ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓની ત્રણ મુખ્ય માંગણીઓ રહી છે. પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓનું કહેવું છે કે, જ્યાં સુધી તેમની માંગણીઓને ધ્યાનમાં લેવામાં આવશે નહીં ત્યાં સુધી આંદોલન જારી રહેશે. ફીમાં કરવામાં આવેલા વધારાને પરત લેવાની માંગ કરવામાં આવી છે. સાથે સાથે હોસ્ટેલમાં કર્ફ્યુ ટાઈમિંગના સમયમાં ફેરફાર કરવાની પણ માંગ કરવામાં આવી છે. ડ્રેસ કોડ માટેના નિયમને લાગૂ ન કરવાની પણ માંગ થઈ રહી છે. વિદ્યાર્થીઓ હોસ્ટેલ સુવિધાઓ ઉપર સર્વિસ ચાર્જ વધારી દેવા અને અન્ય વિવિધ માંગણીઓને લઈને દેખાવો કરી રહ્યા છે.

## લતા મંગેશકરની તબિયત બગડતા સારવાર હેઠળ

મુંબઈ, તા. ૧૧ બોલીવુડની મહાન ગાયિકા લતા મંગેશકરની તબિયત ખરાબ થયા બાદ તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, આજે સવારથી જ તેમને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી હતી. ત્યારબાદથી તેમને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.



અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, લતા મંગેશકરની હાલત ગંભીર છે અને તેમને આઈસીયુમાં રાખવામાં આવ્યા છે. આજે બપોર બાદ તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. તેમના એક સંબંધીએ માહિતી આપતા કહ્યું છે કે, વાયરલ ઈન્ફેક્શનની અસરથી લતા મંગેશકર અસરગ્રસ્ત થયા છે. જોકે મોડીરાત્રે મળતા અહેવાલો મુજબ તેમની તબિયતમાં સુધારો થતા હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.

વિશાલ પંડ્યા (મો) ૯૮૨૪૦ ૫૯૬૩૫ | કનૈયાલાલ પંડ્યા (મો) ૯૪૨૮૨ ૧૭૫૫૭

પ્રોડક્શન કંપનીના ભાવે

આકર્ષક લગ્ન કંકોત્રી

મેળવવાનું એક માત્ર સ્થળ

ૐકાર ગ્રાફીક્સ & ઝેરોક્ષ

બી-૬, બેઝમેન્ટ, શ્રીનાથ કોમ્પલેક્ષ, ૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, સેક્ટર - ૨૨, ગાંધીનગર

ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

માનવંતા ગ્રાહકોને નૂતન વર્ષાભિનંદન

Dulux Colour Solutions

ગાંધીનગર શહેર અને જીલ્લાના બિલ્ડર્સ, આર્કીટેક્ટ, એન્જિનિયર્સ તથા વહેપારી મિત્રો, પેઈન્ટર ભાઈઓ તથા ગાંધીનગરના સર્વે સ્નેહીજનોને

કાલીદાસ વી. પટેલ

ના નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન

આઈ.સી.આઈ. પેઈન્ટસ, એશિયન પેઈન્ટસ, નેરોલેક પેઈન્ટસ, બર્જર પેઈન્ટસ, ઈન્ડોસેમ અને પોલિસ મટીરીયલ્સના અધિકૃત વિક્રેતા.

AkzoNobel Tomorrow's Answers Today

અંબિકા ટ્રેડર્સ

પ્લોટ નં. ૬૭૬, શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૨, ગાંધીનગર
ફોન :- ૨૩૨ ૪૦૧૨૯, ૨૩૨ ૨૨૮૬૬

GANDHINAGAR ELECTRONICS ZONE INDUSTRIES ASSOCIATION

B-23/2/1 & 2, GIDC, ELECTRONICS ESTATE, SECTOR-25, GANDHINAGAR - 382024, GUJARAT, INDIA, PH : (079) 23287130, 23287230

E-mail : geziaonline@gmail.com Website : geziaonline.org

Regd. under section "25" of Companies Act, 1956 (No-1-1956) Dt.28-01-2008.
Corporate Identity No. U91100GJ2008NPL052751

### ટેન્ડર નોટીસ
(જાહેર નિવીદા નંબર - ગેઝીયા/002/2019-20)

ગાંધીનગર ઈલેક્ટ્રોનિક્સ ઝોન ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન (ગેઝીયા) એ કંપની એક્ટ-૧૯૫૬, સેક્શન ૨૫ અંતર્ગત જોડાયેલ એસોસીએશન છે. ગાંધીનગર જીઆઈડીસી ઈલેક્ટ્રોનિક્સ એસ્ટેટમાં આવેલ

(૧) ઈલે. એસ્ટેટમાં આવેલ બે પી.પી.એરીયા, એરફોર્સ સાઈડનો એ.,બી.,ઈ.,સી.એક્ષ ઝોન સુધીનો રોડની બંને સાઈડો સહીત એસ્ટેટના તમામ રોડ તથા રોડસાઈડે થી બ્લોક પેવીંગ તેમજ દરેક યુનીટોની દિવાલો થી રોડ સુધી ના એરીયામાં માટી, જાળી-જાંખરાં, ઘાસ વિગેરે સફાઈ કરી નિકાલ કરવા માટેના કોન્ટ્રાક્ટ આપવા સદર બાબતે રસ ધરાવતી અને અનુભવી એજન્સીઓ પાસેથી ભાવપત્રકોની સીલબંધ કવરમાં ઓફર મંગાવવામાં આવે છે

(૨) કચરો ડમ્પીંગ કરવા માટેનું ભાવપત્રક અલગથી સીલબંધ કવરમાં ઓફર મંગાવવામા આવે છે.

(૩) ઈલેક્ટ્રોનિક્સ એસ્ટેટ ની કાયમી સફાઈ કરવા માટેનું ભાવપત્રક અલગથી સીલબંધ કવરમાં ઓફર મંગાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | ગેઝીયા કચેરીએથી ટેન્ડર મેળવવાની તારીખ અને સમય (રવિવાર સિવાય) | ૧૨-૧૧-૨૦૧૯ થી ૧૬-૧૧-૨૦૧૯, સમય : ૧૦.૦૦ થી ૫.૦૦ |
| ૨. | ગેઝીયા કચેરી ખાતે ટેન્ડર જમા કરાવવાની છેલ્લી તારીખ અને સમય | ૧૮-૧૧-૨૦૧૯, સમય : ૫.૦૦ P.M. |
| ૩. | ગેઝીયા કચેરી ખાતે ટેન્ડર ખોલવાની તારીખ અને સમય ટેન્ડરમાં ભાગ લેનાર પાર્ટીએ હાજર રહેવું. | ૧૯-૧૧-૨૦૧૯, સમય - ૪.૦૦ P.M. |
| ૪. | ટેન્ડર ફી GST સાથે | ૧૧૮૦/- |
| ૫. | E.M.D. (ટેન્ડર સાથે રાષ્ટ્રીયકૃત બેન્કનોજ D.D. જોડવો) D.D. GEZIA ના નામે આપવો | ૧૦,૦૦૦/- રૂ.નો ડી.ડી. |

નોંધ : ટેન્ડર ફોર્મ ફી નોન - રીફંડેબલ છે.

ગાંધીનગર ઈલે. ઝોન ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, વતી સેક્રેટરીશ્રી